## આંક–૧૦ લગત હુકમ

૧. હાલના કેસમાં બીજા પક્ષકાર તરફે હાલની અરજી આપવામાં આવેલ છે અને પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી તેમની અરજીમાં પાના નં.૨ ઉપર જણાવ્યા મુજબના નીચે મુજબનાં દસ્તાવેજોની માંગણી કરેલ છે.

(૧) પ્રથમ પક્ષકાર સંસ્થાને સને ૨૦૧૯ અને સને ૨૦૨૦ નાં અસલ હાજરી પત્રક અને પગાર પત્રક.

(૨) પ્રથમ પક્ષકાર સંસ્થાને સને ૨૦૧૯ અને સને ૨૦૨૦ નાં અસલ રજાના પત્રક.

૨. સદર અરજીનાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આજદિન સુધી કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

૩. બીજા પક્ષકારે પોતાની અરજી મુજબની દલીલ ગણી લેવા જણાવેલ છે અને ઉપર જણાવ્યા મુજબનાં દસ્તાવેજો રજુ કરાવવા અરજ કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા એ એવો બચાવ લીધેલ છે કે અરજદારે તેમને ત્યાં જુલાઈ, ૨૦૧૯ માં એકજ દિવસ નોકરી કરેલ છે બાદમાં સ્વેચ્છાએ કામ ઉપર આવવાનું બંધ કરેલ છે તેવી રજુઆત કરતાં હાલની અરજી કરવાની ફરજ પડેલ છે. વધુમાં સદરહુ દસ્તાવેજો રજુ થાય તો હાલનાં કેસનો ન્યાય નિર્ણય કરવા માટે રેકર્ડ ઉપર આવે તેમ છે. જેથી ઉપર જણાવ્યા મુજબનાં દસ્તાવેજોની નકલો જરૂરી હોવાની દલીલો કરેલ છે. અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો હાલની અરજીને ન્યાયીક નિર્ણય કરવા માટે જરૂરી અને સુસંગત છે અને ઉપરોકત દસ્તાવેજો રજુ કરવામાં આવે તો પ્રથમ પક્ષકારને કોઈ પરેશાની થાય તેવુ નથી કે પ્રથમ પક્ષકારને કોઈ આર્થિક વહીવટી નુકશાન થતુ નથી. આ અરજી કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ ગુણદોષ ઉપર નિકાલ લાવવા માટે ઉપરોકત દસ્તાવેજો જરૂરી હોય અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

૪. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે પહેલા વિ.વ.શ્રી હાજર થયેલા હતા પરંતુ બાદમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી કોઈ સહકાર મળતો ન હોય છુટા થઈ ગયેલા છે. જે છુટા થવા અંગેનો પત્ર પ્રથમ પક્ષકાર સંસ્થાને મળી ગયેલ છે. અત્રેની અદાલત ધ્વારા પણ પ્રથમ પક્ષકાર સંસ્થા ને ક્રમાં ક:૪૦ થી તા.૨૭/૩/૨૪ ના રોજ નોટીસ કાઢવમાં આવેલ છે. આમછતાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ હાજર રહેલ નથી જેથી આંક–૧૦ થી રજુ ડોકયુમેન્ટ પ્રોડશન અરજીની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે આમ છતાં સદર અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરવાનું ઈષ્ટ જણાતા તે મુજબ નિર્ણીત કરવામાં આવેલ છે.

૫. ઉપરોકત બીજા પક્ષકારની તથા પ્રથમ પક્ષકારની રજુઆત તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. બીજા

પક્ષકાર તરફે પોતાની અરજીમાં પાના નં.૨ ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજોની માંગણી કરેલ છે. આમ, ઉપરોકત હકીકતો જોતા બીજા પક્ષકારે તેમની અરજીની હકીકતો સંબંધે જે તકરારો લીધેલ છે તે સબંધે ઉપરોકત દસ્તાવેજો પૈકી તેમની અરજીમાં જણાવ્યા મુજબનાં દસ્તાવેજો રજુ કરવામાં આવે તો ન્યાયનો હેતુ સરશે તેમ જણાય આવે છે. આ કેસનાં રેકર્ડ ઉપર ઉપરોકત દસ્તાવેજો પૈકી અરજદારની અરજી જણાવ્યા મુજબનાં દસ્તાવેજો રેકર્ડ ઉપર આવવાથી હાલના કેસનો ગુણદોષ ઉપર નિર્ણય થઈ શકશે.

૬. આમ, સદર આખર હુકમ મુજબના દસ્તાવેજો રજુ કરે તો પ્રથમ પક્ષકાર સંસ્થાને કોઈ નુકશાન નથી ઉલટાનું ખરી હકીકત રેકર્ડ ઉપર આવે તેમ છે. આમ, સદર દસ્તાવેજો રજુ કરવાથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય કરવામાં સુગમતા રહે તેમ છે અને સદર દસ્તાવેજો હાલની અરજીને ન્યાયીક ગુણદોષ ઉપર નિર્ણય કરતી વખતે સુસંગત દસ્તાવેજો છે. સદર વિવાદ લક્ષમાં લેતા આખરી હુકમ મુજબના દસ્તાવેજો કેસના નિર્ણય માટે ચોકકસપણે મદદરૂપ થઈ શકે તેમ છે.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**: હુકમ :**

૧. બીજા પક્ષકારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. પ્રથમ પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા સંસ્થાને આથી હુકમ કરવામાં આવે છે કે, પોતાના કબજામાં રહેલ (૧)સને ૨૦૧૯ અને સને ૨૦૨૦ નાં અસલ હાજરી પત્રક અને પગાર પત્રક તથા (૨)સને ૨૦૧૯ અને સને ૨૦૨૦ નાં અસલ રજાના પત્રક રજુ કરવા, સદર દસ્તાવેજો ન હોય તો વિકલ્પે સોગંદનામુ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૨૫/૦૩/૨૦૨૫

**પ્રદિપકુમાર વસંતલાલ ધીમર**
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ
જજકોડ:જીજે૦૧૪૮૮.